સાબરમતી પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નંબર : ૦૭૯-૨૭૫૦૬૮૧૯

<u>પ્રેસનોટ</u>

<u>સાબરમતી પોલીસ સ્ટેશનની “SHE Team” દ્વારા રોમીયોગીરી કરતા બે ઇસમોની ધરપકડ</u>

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “સી” ડિવિઝન (I/c એલ ડિવિઝન) અમદાવાદ શહેર નાઓ તરફથી મળેલ સુચના તેમજ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પોલીસ સ્ટેશનની “SHE Team” ના સભ્યો તા.૨૬-૧૨-૧૯ ના રોજ એલ.વી.ઉપાધ્યાય આટર્સ એન્ડ કોમર્સ કોલેજ રામનગર સાબરમતી પાસે સવારના કોલેજ છુટવાના સમયે ખાનગીમા પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન બે ઇસમો કોલેજમાં આવતી જતી મહિલાઓને જોઇ જાહેરમાં સ્ત્રીની મર્યાદા ન જળવાય તે રીતે બિભત્સ વર્તન કરતા મળી આવતા તે બે ઇસમો નામે (૧) શિવા નરેશકુમાર નેપાલી ઉ.વ.૨૦, રહે-હિરાજૈન સોસાયટી, ઋષભ પેલેસ પાસે, સાબરમતી, અમદાવાદ શહેર તથા (૨) જનક હરિશભાઇ જાદવ ઉ.વ.૨૨ રહે.મહાકાળીની ચાલી, કબીર ચોક, સાબરમતી, અમદાવાદ શહેર નાઓને પકડી સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૧૮૩/૧૯ જી.પી.એક્ટ ક.૧૧૦, ૧૧૭ મુજબ ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરેલ તેમજ આ ઇસમો મો.સા. લઇને આવેલ હોય અને તેઓ પાસે ડ્રાઈવિંગ લાયસન્સ કે આર.સી. બુક ન હોય તેઓનું મો.સા. એમ.વી.એકટ ક. ૨૦૭ મુજબ જમા લેવામા આવેલ છે. આમ સાબરમતી પોલીસ સ્ટેશનની “SHE” ટીમ દ્વારા મહિલાઓની સુરક્ષા માટેની પ્રશંસનીય કામગીરી કરેલ છે.

તા.૨૬-૧૨-૧૯